# BUSINESS મિત્ર Plus

## ભારતના AI અભિયાનમાં દિગ્ગજ કંપનીઓની મોટા રોકાણની જાહેરાતો, પરંતુ માળખાકીય ઉણપો ચિંતાજનક

ગૂગલ, એમેઝોન અને માઇક્રોસોફ્ટ જેવી મહાકાય આઇટી કંપનીઓએ છેલ્લા એક વર્ષમાં ભારતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સ માટે સામૂહિક રીતે 67.5 અબજ ડોલરથી વધુનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. 2030 સુધીના રોકાણ ગાળામાં ફેલાયેલી આ પ્રતિજ્ઞાઓએ ભારતને વૈશ્વિક AI નિર્માણમાં એક કેન્દ્રીય બિંદુ તરીકે સ્થાપિત કર્યું છે. પરંતુ અર્થશાસ્ત્રીઓ અને વિશ્લેષકો ચેતવણી આપે છે કે સ્થાનિક સેમિકન્ડક્ટર ક્ષમતાઓ અને પર્યાપ્ત વીજળી તથા પાણીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિના, દેશ પોતાની રીતે AI સિસ્ટમ્સ બનાવવાને બદલે વિદેશી-નિયંત્રિત AI સિસ્ટમ્સ માટેનું માત્ર એક કેન્દ્ર બની રહેવાનું જોખમ ઉઠાવે છે.



એમેઝોને 2030 સુધીમાં $35 અબજનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા આપી છે, જે AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ સેવાઓ અને નિકાસ પર કેન્દ્રિત છે. આ ભારત દ્વારા આકર્ષિત કરાયેલા સૌથી મોટા વિદેશી ટેકનોલોજી રોકાણોમાંનું એક છે. માઇક્રોસોફ્ટે ક્લાઉડ ડેટા સેન્ટર્સ અને AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે 2026 અને 2029 વચ્ચે $17.5 અબજની જાહેરાત કરી છે. ગૂગલે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ પર કેન્દ્રિત $15 અબજની યોજનાનું

કરન્ટ-ટોપિક

અનાવરણ કર્યું છે, જ્યાં તે 'ગીગાવોટ-સ્કેલ AI ઇકોસિસ્ટમ' વિકસાવી રહ્યું છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે હાલમાં જણાવ્યું હતું કે ગૂગલ ભારતની અંદર AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વર તથા ડ્રોન ઉત્પાદનમાં વધારાના રોકાણની શક્યતાઓ તપાસી રહ્યું છે. એપ્રિલમાં વિશાખાપટ્ટનમમાં એક શિલાન્યાસ સમારોહ દરમિયાન બોલતા વૈષ્ણવે કહ્યું હતું કે ભારત ઇલેક્ટ્રોનિક ઉત્પાદનમાં વિશ્વ માટે એક મુખ્ય વિશ્વસનીય વેલ્યુ ચેઈન અને સપ્લાય ચેઈન પાર્ટનર તરીકે ઉભરવા માટે તૈયાર છે. ગયા મહિને, ગૂગલે અદાણી કનેક્ટ અને એરટેલની નક્ષત્રાના સહયોગથી વિઝાગમાં તેના 'ઈન્ડિયા AI હબ' પ્રોજેક્ટની શરૂઆત કરી હતી, જેમાં ત્રણ મોટા ડેટા સેન્ટર કેમ્પસનો સમાવેશ થાય છે.

રોકફેલર ઇન્ટરનેશનલના ચેરમેન અને બ્રેકઆઉટ કેપિટલના સ્થાપક રુચિર શર્માએ દલીલ કરી છે કે રોકાણના આ આંકડા એક ઊંડી માળખાકીય સમસ્યાને છુપાવે છે. ઇન્ડિયન એક્સપ્રેસના 'એક્સપ્રેસ અડ્ડા'માં બોલતા શર્માએ જણાવ્યું હતું કે વૈશ્વિક રોકાણકારો વધુને વધુ એવું માની રહ્યા છે કે ભારત AI રેસમાં પાછળ પડી રહ્યું છે. શર્માએ કહ્યું કે મુખ્ય મુદ્દો એ છે કે વર્તમાન AI ઉછાળો આઇટી આઉટસોર્સિંગ યુગ કરતા મૂળભૂત રીતે અલગ છે. જ્યાં ભારતનું સોફ્ટવેર સર્વિસ મોડલ 2000 ના દાયકાની શરૂઆતમાં વૈશ્વિક માંગ સાથે સુસંગત હતું, ત્યાં AI સ્પર્ધા કોર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સેમિકન્ડક્ટર્સ, કમ્પ્યુટિંગ પાવર અને મેમરી સિસ્ટમ્સ બનાવવા પર કેન્દ્રિત છે. તે જ ખરી સ્પર્ધા છે, અને કમનસીબે ભારત પાસે તે નથી, તેમ તેમણે ઉમેર્યું. આર્થિક સર્વેક્ષણ 2025-26એ પણ આ ચિંતાના તત્વોને હાઇલાઇટ કર્યા છે. સર્વેક્ષણમાં એવી દલીલ કરવામાં આવી છે કે AI વૈશ્વિક સ્તરે પ્રારંભિક તબક્કામાં છે જે ભારતને તેનું ટેકનોલોજીકલ ભવિષ્ય ઘડવાની તક આપે છે, પરંતુ સાથે જ સ્વીકાર્યું છે કે AI ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે વીજળી, નાણાં અને ખાસ કરીને પાણી મુખ્ય અવરોધો બની રહ્યા છે.

સરકારે આ અંતર ઘટાડવા માટે નીતિ વિષયક પગલાં ઝડપી બનાવ્યા છે. એપ્રિલ 2025 માં, મંત્રાલયે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS) ને સૂચિત કરી હતી, જ્યારે કેન્દ્રીય બજેટ 2026-27 માં સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ફાળવણી વધારીને 40,000 કરોડ કરવામાં આવી હતી. ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) દ્વારા સેમિકન્ડક્ટર પ્રોત્સાહન પણ તેજ કરવામાં આવ્યું છે, જે ફેબ્રિકેશન પ્રોજેક્ટ્સ માટે 50% સુધી નાણાકીય સહાય આપે છે. 9 એપ્રિલ, 2026 ના રોજ, કેન્દ્રએ ગુજરાતના ધોલેરામાં ટાટા સેમિકન્ડક્ટરના પ્રથમ ફેબ્રિકેશન પ્લાન્ટ માટે વિશેષ આર્થિક ક્ષેત્ર (SEZ) ની ઔપચારિક સૂચના આપી હતી. ભૌગોલિક રાજકીય ગતિશીલતા પણ ભારતની તરફેણમાં કામ કરી રહી છે. ચીનથી દૂર પોતાની સપ્લાય ચેઈનને વૈવિધ્યસભર બનાવવા માંગતી બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતને વૈકલ્પિક ઉત્પાદન આધાર તરીકે જોઈ રહી છે, જે આ નીતિગત દબાણને વ્યવસાયિક તર્ક પૂરો પાડે છે.

ભારત સ્પષ્ટપણે વિશ્વની સૌથી મોટી ટેકનોલોજી કંપનીઓની વૈશ્વિક AI વિસ્તરણ વ્યૂહરચનાઓનું કેન્દ્ર બની રહ્યું છે. ઊંડો પ્રશ્ન એ છે કે શું ભારત વિદેશી રોકાણની પ્રતિબદ્ધતાઓને સ્થાનિક તકનીકી ક્ષમતામાં રૂપાંતરિત કરી શકે છે? વિશ્લેષકો ચેતવણી આપે છે કે આ પરિણામ એ બાબત પર નિર્ભર છે કે શું ભારત પોતાનો સેમિકન્ડક્ટર ઉત્પાદન આધાર બનાવી શકે છે, વીજળી અને પાણીના ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મર્યાદાઓ ઉકેલી શકે છે અને સ્વદેશી AI પ્લેટફોર્મ વિકસાવી શકે છે.

**આર્થિક સર્વેક્ષણ 2025-26એ પણ આ ચિંતાના તત્વોને હાઈલાઈટ કર્યા છે. સર્વેક્ષણમાં એવી દલીલ કરવામાં આવી છે કે AI વૈશ્વિક સ્તરે પ્રારંભિક તબક્કામાં છે જે ભારતને તેનું ટેકનોલોજીકલ ભવિષ્ય ઘડવાની તક આપે છે, પરંતુ સાથે જ સ્વીકાર્યું છે કે AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે વીજળી, નાણાં અને ખાસ કરીને પાણી મુખ્ય અવરોધો બની રહ્યા છે**

## અમેરિકામાં સોલિડ જોબ ડેટા અને ગલ્ફ વોર સમેટાવાની આશાએ શેરબજારોમાં ઉછાળો

અમેરિકામાં એપ્રિલ માસમાં જોબ ડેટા અપેક્ષાથી ઘણો મજબૂત રહેતા તેમજ તાજેતરના સેમીકંડક્ટર અને બીગ ટેક શેરોમાં સુંદર પરિણામો પછી ઓઇલ કંપનીઓના પરિણામો પણ ઘણા જ સારા આવતા, સાથોસાથ અમેરિકા-ઇરાન વચ્ચે યુધ્ધવિરામ લંબાતો જતો હોઇ ડાઉ અને નાસદાકમાં નવા હાઇ બન્યા હતા. તાઇવાન, કોરિયા અને જાપાન બજારોમાં પણ નવા હાઇ બન્યા હતા. એઆઇ કંપનીઓમાં વેલ્યુએશન નવા નવા શિખરો સર કરે છે. ઘરઆંગણે વિધાનસભા ચૂંટણીઓમાં પ. બંગાળ અને આસામમાં ભાજપના ભવ્ય વિજય પછી પૂર્વ ભારતમા આંતરમાળખા, પોર્ટ, રેલ્વે, ઓઇલ જેવા સેકટરમાં કેપેક્સ બુમ આવશે એવા આશાવાદે નિફ્ટી અને રૂપિયામાં પણ સેન્ટિમેન્ટ અપબીટ રહ્યું હતું. હોરમુઝ નાકાબંધી યથાવત છે. પણ રશિયામાં મેની વિકટરી પરેડને કારણે રશિયા-યુક્રેન વચ્ચે ત્રણ દિવસનો કામચલાઉ યુધ્ધવિરામ આવ્યો છે, ચાલુ સપ્તાહમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીન જવાના છે એમાં ઇરાન મામલે કોઇ ઉકેલ આવશે એવો આશાવાદ બંધાયો છે. એક અર્થમાં કહીએ તો અમેરિકા-ઇરાન, રશિયા-યુક્રેન તનાવ, અમેરિકાનું વધતુ જતુ દેવું, વિકસીત દેશોમાં સતત ઉંચા બોન્ડ યિલ્ડ, મોંઘવારી, એશિયામાં અલ નીનો જેવા નેગેટિવ કારણો યથાવત છે પણ બજારમાં એક સાથે ઘણા બધા પોઝિટિવ સમાચારો આવતા હાલ પુરતું બજારો વાસ્તવિકતા પરત્વે આંતમિચામણા કરી જયાથી જે પણ પોઝિટીવ દેખાય એની આશાએ રિલિફ રેલીના મૂડમાં છે.




ઘરઆંગણે પ. બંગાળમાં પહેલીવાર શાસકપક્ષ સ્પષ્ટ બહુમતી સાથે સત્તામાં આવ્યો છે. બંગાળ અને આસામ સરહદી રાજયો છે અને મજબૂત બોર્ડર સુરક્ષા તેમજ ગવર્નન્સ પૂર્વાંચલના વિકાસ માટે તેમજ રાષ્ટ્રિય સુરક્ષા માટે આવશ્યક છે. આજે બજારોના મેક્રોપરિબળોના સંદર્ભમાં જીઓપોલિટિક્સ અને જીઓઇકોનોમિક્સને અવગણી બજારની વાત કરવી અપ્રસ્તુત છે. પં બંગાળમાં કેટકેટલા મોટા પ્રોજેક્ટસ ઠપ્પ થઇ ગયા હતા એમાં હવે ચેતના આવવાની આશા બંધાઇ છે.

પૂર્વિય રાજયોમાં ૧૯૯૧માં લુક ઇસ્ટની નીતિ અમલી બનતા વિઝન આવ્યું. ૨૦૧૪થી એકટ ઇસ્ટની નીતિમાં એન્ગેજમેન્ટ આવ્યું. હવે એકટ ઇસ્ટની સાથોસાથ બિલ્ડ ઇસ્ટ-એકઝિક્યુશનનો આરંભ દેખાય છે. લોજિસટિક્સમાં તેજપુર ડિપ સી પોર્ટ, દેશનું સૌથી જુનું મોટું પોર્ટ કલકત્તા, હલ્દીયા રિફાઇનીંગ અને ઔદ્યોગિક હબ ઇન્વેસ્ટમેન્ટ રાડાર પર આવી ચૂકયા છે. સેકટર વાઇઝ પાવર, સ્ટિલ, સુગર, રેલ્વે, માઇનીંગ, જયુટ, કેમિકલ્સ, ઓઇલ અને ડ્રિલિંગ, રિલિજીયસ ટુરિઝમ- ઇકો ટુરિઝમ સેકટર હોટ ફેવરીટ દેખાય છે.

નિફ્ટી કે સેન્સેકસના પરિપેક્ષ્યમાં જોઇએ તો ઘટયા ભાવથી સરસ ઉછાળો

**બિરેન વકીલ**

આવ્યો છે. નિફ્ટી ૨૪૨૦૦ પહોચી ગયો છે. સેન્સેકસ ૭૭૩૦૦ આસપાસ મકકમ છે. શુક્રવારનો મજબૂત જોબડેટા જોતા આજે નિફ્ટી અને સેન્સેકસ મજબૂત ખૂલવાની શકયતા છે. રૂપિયો ૯૫.૪૨થી સુધરીને ૯૪.૪૦ સુધી આવ્યો છે. હાલ પુરતું ૯૫.૪૦ ટોપ છે. જો ૯૪ની સપાટી તૂટે તો રૂપિયો ૯૨.૨૦-૯૨.૭૦ સુધી આવી શકે. ગલ્ફવોર અને ચૂંટણીના મુદ્દા હાલ પુરતા ડિસ્કાઉન્ટ થઇ ગયા છે. વોર વકરે, એશિયામાં અલ નીનો જેવા કારણો એગ્રીકોમોડિટીમાં તેજીકારક બને તો શેરબજાર-રૂપિયામાં નવેસરથી દબાણ આવી શકે. બજારો અમેરિકા-ચીન વચ્ચેની શીખર વાર્તામાં શાંતિનો સધિયારો શોધશે.

ઓલ્ટરનેટિવ એસેટ અને કોમોડિટીઝમાં બીટકોઇન ૬૨૦૦૦થી ઉછળી ૮૨૦૦૦ થઇ હાલ ૮૦૦૦૦ આસપાસ કવોટ થાય છે. ચાંદીમાં બેતરફી વધઘટ વચ્ચે જોરદાર રિબાઉન્ડ આવ્યો છે. લંડન ચાંદી ૬૦ ડોલરથી સુધી ૮૨ ડોલર થઇ ગઇ છે. સ્થાનિક એમસીએકસ ચાંદી માર્ચ મહીનામાં ઘટીને ૧૯૯૮૦૦ થઇ ગઇ હતી તે હાલમાં ૨૬૫૦૦૦ થઇ ગઇ છે. એઆઇ. ઇવી ઇકોનોમીમાં ફેન્સી જામતા ચાંદીને રિસ્ક ઓન સેન્ટિમેન્ટનો બુસ્ટ મળ્યો છે. બેઝ મેટલ્સમાં કોપરમાં પણ નીચા ભાવની મંદી અટકી તેજીનું કમબેક થયું છે. લંડન કોપર વાયદો ૧૩૫૦૦ થયો છે. એમસીએકસ કોપર ૧૪૬૦થી ઘટીને ૧૦૪૯ થઇ ગયું હતુ તે ૧૩૨૪ થયું છે.

અખાતમાં તનાવ ઓસરતા એલ્યુમિનિયમમાં નફારૂપી વેચવાલી આવી છે, ભાવ ૩૭૩થી ઘટી ૩૬૮ થયા છે. પણ મૂલભૂત રીતે સપ્લાય ડેપિસિટ છે એટલે હાલનો ઘટાડો કરેકશન દેખાય છે. તેજી પુરી થયાનો સંકેત હજૂ ચાર્ટ પર દેખાતો નથી. ક્રુડઓઇલની તેજીથી ઇવી વાહનોના વેચાણો વધ્યા છે અને બેટરી તેમજ એનર્જી સ્ટોરેજમાં જબબર રોકાણો આવી રહ્યા હોઇ નિકલમાં પણ મંદી છે. ધીમો સુધારો છે.


એનર્જી સેકટરમાં બ્રેન્ટ ક્રુડ ૧૨૦ ડોલરથી ઘટીને ૧૦૦ ડોલર આસપાસ સ્ટેબલ થયું છે. હોરમુઝ કટોકટી ઉકેલાય તો ક્રુડ ૭૫-૮૦ ડોલર આવી શકે, હોરમુઝ સ્થિતી વણસે અથવા યથાવત રહે તો ક્રુડ આગળ પર ૧૨૦-૧૩૦ અથવા મોટી તેજીમાં પણ જઇ શકે. ક્રુડમાં પૂરવઠા મામલે મોટી ચિંતા નથી પણ પૂરવઠાને યોગ્ય સમયે યોગ્ય સ્થળે પહોચાડવો- પરિવહન- સપ્લય ચેઇન મોટો ઇસ્યુ છે. હાલ પુરતુ ફીડસ્ટોક બજારો જેવા કે પ્લાસ્ટિક, નેપ્થા વગેરે પણ કરેકશનમાં છે.

એગ્રીકોમોડિટીઝમાં તેલ-તેલીબીંયા-કોટન- તેલીબીયાં ખોળમાં જોરદાર તેજી છે. એશિયામાં અલનીનોની આગાહી વચ્ચે ભારતમાં સામાન્યથી ઓછો વરસાદ, અમેરિકામાં ઘણા વિસ્તારોમાં દુષ્કાળ, ખાદ્યતેલોમાં બાયોફ્યુલ સેકટરની જંગી માગને કારણે તેલોમાં ઝડપી તેજી થઇ ગઇ છે. ખાતરોમાં ઉંચા ભાવ વચ્ચે ચોમાસામાં અપૂરતો વરસાદ રહે તો ખરિફ સિઝનમાં સોયાબીન, તુવેર, ગવાર, ઘાસચારા વાવેતરનો ઝોક વધે, મકાઇ, શેરડી પરત્વે આકર્ષણ ઘટે. રવિ મોસમમાં સરસવ અને ચણા હોટફેવરીટ બને. ઘઉના વાવેતરમાં આકર્ષણ ઘટે.

**બંગાળ-આસામમાં શાસક પક્ષના વિજયથી સ્થાનિક બજારોમાં પણ સેન્ટિમેન્ટ અપબીટ**

## 2030 સુધીમાં નવી કાર કરતા યુઝ્ડ કાર્સનું વેચાણ બમણુ થઈ જશે

એક સમય હતો જ્યારે કાર ખરીદવી માત્ર સપનું માનવામાં આવતું હતું. નવી કારની ઊંચી કિંમતો, વધતા લોન વ્યાજદર અને જાળવણી ખર્ચને કારણે સામાન્ય પરિવાર માટે કાર ખરીદવી સરળ નહોતી. પરંતુ હવે દેશભરમાં જૂની કારોના બજારમાં ઝડપથી તેજી જોવા મળી રહી છે અને આ બજાર લાખો લોકો માટે સસ્તું અને વિશ્વસનીય વિકલ્પ બની રહ્યું છે.




છેલ્લાં કેટલાક વર્ષોમાં યુઝ્ડ કાર સેગમેન્ટમાં નોંધપાત્ર વધારો થયો છે. કોરોના બાદ લોકો જાહેર પરિવહન કરતાં પોતાની વ્યક્તિગત ગાડી તરફ વધુ વળ્યા હતા. બીજી તરફ નવી કારોની કિંમતમાં સતત વધારો થતાં મધ્યમ વર્ગના ગ્રાહકો હવે સારી હાલતમાં ઉપલબ્ધ જૂની કારોને વધુ પસંદ કરી રહ્યા છે.

મધ્યમ વર્ગના લોકોને કાર ખરીદવા માટે કેટલીક સમસ્યાઓ સામનો કરવો પડતો હતો, નવી કાર કરતા 30થી 60 ટકા ઓછી છે, તેમજ નવી કાર ફુગાવો, સલામતી નિયમો અને નવી ટેકનોલોજી કારણે નવી કાર વધુ મોંઘી થઇ રહી છે, જેના લીધે યુઝ્ડ કાર્સનું માર્કેટ વધતુ રહ્યું છે. દેશભરમાં ડિજીટલ પ્લેટફોર્મ ઉપર યુઝ્ડ કાર્સ માર્કેટ વિસ્તરી રહ્યું છે, કાર્સ 24, કાર્સબજાર, કાર દેખો અને સ્પીની જેવા પ્લેટફોર્મ્સ પર વેચાણ વધી રહ્યું છે. ઓટો ઉદ્યોગના નિષ્ણાત અને કાર્સબજારના એમડી ભાવેશ ઉપાધ્યાયનું માનવું છે કે આજકાલ ગ્રાહકો માત્ર સસ્તી ગાડી નહીં, પરંતુ વેલ્યુ ફોર મની વિકલ્પ શોધી રહ્યા છે. અગાઉ લોકો જૂની કાર ખરીદતા ડરતા હતા કારણ કે વાહનની હાલત, દસ્તાવેજો અને સર્વિસ હિસ્ટ્રી અંગે વિશ્વાસનો અભાવ હતો. હવે સંગઠિત યુઝ્ડ કાર માર્કેટ, ઓનલાઇન પ્લેટફોર્મ અને પ્રમાણિત ડીલરોને કારણે ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો છે. ખાસ કરીને હેચબેક અને કોમ્પેક્ટ એસયુવી સેગમેન્ટમાં માંગ વધુ વધી રહી છે. એસયુવી સેગમેન્ટમાં જુની કાર બજારનો હિસ્સો 50 ટકા જેટલો છે. નોકરીયાત યુવાનો, નાના વેપારીઓ અને પ્રથમ વખત કાર ખરીદનારાઓ માટે યુઝ્ડ કાર સૌથી આકર્ષક વિકલ્પ બની છે. ઘણી કંપનીઓ હવે સર્ટિફાઇડ પ્રી-ઓન્ડ કાર સાથે વોરંટી અને ફાઇનાન્સની સુવિધા પણ આપી રહી છે. કાર્સબજારના એમડી ભાવેશ ઉપાધ્યાયે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં યુઝ્ડ કાર માર્કેટમાં અપાર સંભાવના છે. હાલમાં કંપની ગુજરાત સુધી સીમિત હતી, તે હવે દેશભરમાં વિસ્તરણ કરશે.

ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો કહે છે કે આગામી વર્ષોમાં યુઝ્ડ કાર માર્કેટ નવી કારોની સરખામણીએ વધુ ઝડપથી વધે તેવી શક્યતા છે. ઇલેક્ટ્રિક વાહનો તરફ વધતા ટ્રેન્ડ વચ્ચે પણ પેટ્રોલ અને ડીઝલ આધારિત જૂની કારોની માંગ મજબૂત રહી છે. એટલું જ નહી, યુઝ્ડ કાર્સમાં પણ નવી કાર જેટલી વોરન્ટી, ગેરન્ટી તેમજ ઇએમઆઇ પણ ઉપલબ્ધ હોવાથી મધ્યમ વર્ગના લોકો માટે કાર ખરીદવી આસાન બની છે, જેનાથી

મોબિલિટી વોચ

મધ્યમ વર્ગના લોકોની પ્રથમ કારનું સપનું પુરૂ થઇ શકે છે.

આ રીતે, જૂની કારોનું બજાર હવે માત્ર સસ્તી ખરીદી પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે સામાન્ય માણસના સપનાને સકાર કરવા માટેનો સૌથી સરળ રસ્તો બની રહ્યું છે.

2030 સુધી બજાર હજુય વધુ વિસ્તરશે અને યુઝ્ડ કાર્સનું બજાર વધીને 79થી 80 બિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. જે યુઝ્ડ કારોની વેચાણ નવી કારોથી બમણુ થઇ શકે. જેમાં નાના શહેરોમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી રહી છે.

**યુઝ્ડ એસયુવી તથા કોમ્પેક્ટ એસયુવી કાર્સનું 50 ટકા જેટલું વેચાણ થઈ રહ્યું છે**

## સોનામાં રોકાણ માટે એક નવો વિકલ્પ : NSEની EGR યોજના

ભારતમાં સોનાના રોકાણકારો પાસે હવે 'ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ' (EGRs) ના રૂપમાં એક નવો રોકાણ વિકલ્પ છે, જે ભૌતિક જ્વેલરી, સોનાના સિક્કા અને ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (Gold ETFs) જેવી હાલની પદ્ધતિઓમાં પૂરક બનશે. નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) એ ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે તેના EGR સેગમેન્ટમાં શેર અને બોન્ડની જેમ ટ્રેડ કરી શકાશે. આ રિસિપ્ટ્સ પાછળ ભૌતિક સોનાનું પીઠબળ હોય છે, જેને ગમે ત્યારે રિડીમ (સોનામાં રૂપાંતરિત) કરી શકાય છે.




સરળ શબ્દોમાં કહીએ તો, EGR એ સોનાની માલિકીનો ડિજિટલ પુરાવો છે. NSE ના EGR પ્લેટફોર્મની શરૂઆત સાથે, 'ગોલ્ડ એક્સચેન્જ' જેની જાહેરાત SEBI એ સૌપ્રથમ 2022 માં કરી હતી, તે હવે વાસ્તવિકતા બની છે. ગોલ્ડ એક્સચેન્જ એ ભારતમાં ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ ખરીદવા અને વેચવા માટેનું રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે. સ્ટોક એક્સચેન્જો કાં તો EGR ના ટ્રેડિંગ માટે નવું સ્ટોક એક્સચેન્જ સ્થાપી શકે છે અથવા હાલના એક્સચેન્જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક અલગ સેગમેન્ટમાં EGR લોન્ચ કરી શકે છે. NSE પર, ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સ 'EGR સેગમેન્ટ' પર ટ્રેડ થશે.

ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટના ધારક તરીકે, રોકાણકાર સોનાની માલિકીમાં ભાગ લેશે. સોનું સુરક્ષિત રીતે વોલ્ટ (તિજોરી) માં સંગ્રહિત કરવામાં આવે છે, તમારી માલિકી તમારા ડિમેટ એકાઉન્ટમાં નોંધવામાં આવે છે, અને તમે રિડેમ્પશન સમયે તેને ભૌતિક સોનામાં રૂપાંતરિત કરી શકો છો. EGRs નો બીજો મોટો ફાયદો 'વન નેશન, વન પ્રાઈસ' (એક રાષ્ટ્ર, એક ભાવ) ની વિભાવના છે – એકીકૃત કિંમત જે દેશભરમાં એક જ ભાવ સાથે સોનાના વેપારને વધુ સરળ બનાવે છે. EGRs તમામ રિટેલ રોકાણકારો, જ્વેલર્સ, બુલિયન ટ્રેડર્સ અને રિફાઈનરીઓ માટે ખુલ્લા છે.

તેઓ એક્સચેન્જો પર સરળતાથી વેપાર કરી શકાય તેવા છે અને ભૌતિક સોનાની તુલનામાં વધુ અનુકૂળ વિકલ્પ પૂરો પાડે છે, જે લિક્વિડિટી આપે છે અને સોનાની ગુણવત્તાની ખાતરી આપે છે.

EGRs માં રોકાણ કેવી રીતે કરવું?

NSE ના EGR સેગમેન્ટ પર, શુદ્ધતાના બે વિકલ્પો છેઃ 'EGR - 999 Purity' અને 'EGR - 995 Purity'. કોઈપણ વ્યક્તિ નાની શરૂઆત કરી શકે છે – બંને વિકલ્પો માટે રોકાણનું મૂલ્ય 100 મિલિગ્રામથી 1 કિલોગ્રામ સુધીનું છે, જે તેને રોકાણકારોની વિશાળ શ્રેણી માટે સુલભ બનાવે છે. તકનીકી રીતે, EGR એ વોલ્ટ મેનેજર દ્વારા તેમની પાસે જમા કરાયેલા સોના સામે જારી કરાયેલ ઈલેક્ટ્રોનિક રસીદ છે. દરેક EGR પાછળ ભૌતિક સોનું હોય છે, જે વોલ્ટ મેનેજરો પાસે સંગ્રહિત હોય છે. સોનાની ભૌતિક ડિલિવરી લેવી કે નહીં તે સંપૂર્ણપણે ખરીદનારની પસંદગી છે. ખરીદનાર વધુ ટ્રેડિંગ માટે ડિમેટ એકાઉન્ટમાં EGR રાખવાનું ચાલુ રાખી શકે છે અથવા વોલ્ટ મેનેજર પાસેથી સોનાની ભૌતિક ડિલિવરી લઈ શકે છે.

નોંધ લેવી કે વોલ્ટ મેનેજર સોનું ઉપાડવા માટે શુલ્ક વસૂલી શકે છે. EGRs નું ટ્રેડિંગ NSE ના સમર્પિત EGR સેગમેન્ટ

કોમોડિટી વ્યૂ

પર સોમવારથી શુક્રવાર, સવારે 9:00 થી રાત્રે 11:30 વચ્ચે થાય છે. ટ્રેડિંગનો આ લંબાવવામાં આવેલો સમય ભારતીય રોકાણકારોને આંતરરાષ્ટ્રીય બજારની હિલચાલનો લાભ લેવાની મંજૂરી આપે છે. NSE ના EGR સેગમેન્ટ પર સેટલમેન્ટ T+1 ધોરણે થાય છે, જેનો અર્થ છે કે વ્યવહારો બીજા કામકાજના દિવસે પૂર્ણ થાય છે.

**EGR એ સોનાની માલિકીનો ડિજિટલ પુરાવો છે. NSE ના EGR પ્લેટફોર્મની શરૂઆત સાથે, 'ગોલ્ડ એક્સચેન્જ' જેની જાહેરાત SEBI એ સૌપ્રથમ 2022 માં કરી હતી, તે હવે વાસ્તવિકતા બની છે**